સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

આલ્યા-માલ્યા લૂંટી ગ્યા ત્યારથી, બેન્ક બંધ છે,
બેલેન્સ સ્ટાફવાળા ફૂંકી ગ્યા, બેન્ક બંધ છે.
બેન્કો બંધ જેવી જ છે, લાગ્યાં 'લોક' કૌભાંડી -
ખાયકીનો તાળો મેળવવા, બેન્ક બંધ છે.

ચાલુ રહેશે -
માત્ર રજાના દિને -
બેન્ક બંધ છે...

આ હડફેટે
લૂંટાઈ ગ્યા ગ્રાહક
બેન્ક બંધ છે.

ચિંતન

વ્યતિરેકસ્તદ્ ભાવાભાવિત્વાન્ન તૂપલબ્ધવત્ ।

ઉપરોક્ત શ્લોક છાંદોગ્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

શરીરથી આત્મા અલગ છે. કારણ કે શરીર હોય છે ત્યારે પણ એની અંદર આત્મા નથી રહેતો. એટલા માટે આત્મા શરીર નથી પરંતુ જ્ઞાતાપણાની ઉપલબ્ધિની જેમ આત્મા શરીરથી ભિન્ન છે એવું સિધ્ધ થાય છે.

આત્મા અને શરીર બંને એક નથી, પરંતુ અલગ અલગ છે. બંનેના બંધારણ અને કાર્યક્ષેત્ર જુદાં જુદાં છે. આત્મા અને શરીર જો એક જ હોય અથવા એ બંનેમાં કોઈ પણ પ્રકારનો ભેદ જ ના હોય તો મૃત્યુ પછી શરીર રહે છે ત્યારે એની અંદર આત્મા પણ રહેવો જોઈએ, પરંતુ ખરેખર એવું નથી હોતું. એથી પુરવાર થાય છે કે આત્મા શરીર કરતાં જુદો છે, શરીરને શક્તિ આપે છે અને એના શરીરમાંના અસ્તિત્વને લીધે જ જીવન બને છે.

શરીરનો નાશ છે તો પણ એનો નાશ નથી થતો. શરીરના હોય તો પણ એનું અસ્તિત્વ તો રહે છે જ. એ સ્થૂળ શરીરમાં રહેતો હોય છે. જડ શરીર પોતાની મેળે પોતાને કે બીજાને નથી જાણી શકતું એવું જ્ઞાન ચેતન આત્મા સિવાય કદાપિ ને કોઈ રીતે થઈ શકે જ નહિ.

સુવિચાર

- જયાં સુધી 'હું કર્તા છે' એ ભાન છે ત્યાં સુધી આત્માનો એક અંશ પણ પામી શકાશે નહીં - **દાદા ભગવાન**
- અમને કોઈની જોડે મતભેદ પડ્યો નથી, કારણ કે 'જ્ઞાની'ની ભાષા જુદી અને અજ્ઞાનીની ભાષા જુદી, 'જ્ઞાની'ની 'રિયલ' ભાષા અને અજ્ઞાનીની 'રિલેટીવ' ભાષા છે - **ડોનીરૂબેન અમીન**
- સમ્યકદર્શક કોનું નામ કે જે 'ઈટર્નલ' ને દેખાડે, ને મિથ્યાદર્શન કોનું નામ કે જે 'ટેમ્પરરી' દેખાડે - **નવનીત**
- આપણી ટીકા કરવાનો લોકોને અધિકાર છે, આપણને કોઈની ટીકા કરવાનો અધિકાર નથી - **બોધિવૃક્ષ**
- સંસાર એટલે 'રોંગ બીલીફો'ની પઝલ - **સંત ફ્રાન્સીસ**
- 'વીતરાગો' શું કહે છે ? તારે માર ખાવો હોય તો મારી આવ, તારે નિંદ્ય થવું હોય તો નિંદા કર - **જૈન સૂત્ર**
- આજનું ઔષધ : ગાયના છાણમાં કપૂર ઉમેરી પાટો બાંધવાથી ખરજવામાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બુદ્ધિમાન વ્યક્તિ હંમેશા સારા મોકા પર અને અવસરને ધ્યાનમાં રાખીને બોલે છે. બુદ્ધિમાન વ્યક્તિ વિરોધ પણ એવા સમયે વ્યક્ત કરે છે કે સોમના ને વાત શીરાની જેમ ગળે ઉતરી જાય.

એકવાર રાજાએ પોતાની આવક વધારવા માટે પ્રજા પર કર વધારી બમણો કરી દીધો. પ્રજા માંડ બે ટંકનું રળી ખાવા પામતી હતી. અને આવો ભારે કર આપવામાં પ્રજા બેવડી વળી ગઈ હતી. ગરીબ પ્રજા ફરિયાદ કરી શકે તેમ પણ નહોતી. એક વારા રાજા એમના અંગતમંત્રી સાથે ફરવા નીકળ્યા. ફરતા ફરતા તેઓ છેક રાજયની સીમા સુધી પહોંચી ગયા. ત્યારે રાજાને કાળા વાદળો પોતાના રાજય તરફ આવતા દેખાયા. થોડીક વારમાં તો એવું વાતાવરણ જામતું દેખાયું કે હમણાં વરસાદ તુટી પડસે. હોંશિયાર મંત્રીએ આ મોકાનો ફાયદો ઉઠાવ્યો અને કહ્યું, મહારાજ, ગભરાવાની કોઈ જરૂર નથી. આ વાદળો આપણા રાજયમાં પ્રવેશ નહીં કરી શકે.'

રાજાએ કહ્યું, 'મંત્રી.... કેમ આજે આવું બોલો છો ?'

મંત્રીએ કહ્યું, 'મહારાજ વાદળને પણ ખબર છે કે આપણા રાજયમાં પ્રવેશ કરશે તો તેને ભારે કર આપવો પડશે.' મંત્રીની સમયસરની ટકોર રાજા સમજી ગયા. અને રાજમહેલમાં પાછા ફરતાની સાથે જ પ્રજાની ઉપર નાખેલો વધારાનો કરવેરો પાછો લઈ લીધો.'

નેતાગીરીની ફેરબદલી મુદ્દે અફવા બજાર ગરમ

તંત્રીસ્થાનેથી...

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિજય રૂપાણી જેવા સૌજન્યશીલ અને સ્વચ્છ ઈમેજ ધરાવતા મુખ્યમંત્રીને આગેવાનીમાં સરકાર રચવા પૂરતી જરૂરી બહુમતિ મળી ગયા છતાં કેન્દ્રીય નેતાગીરી એટલું તો સમજી ગઈ છે કે વિધાનસભા કરતાં લોકસભાની ચૂંટણીમાં વધુ ખરાબ પરિણામો મળી શકે એમ છે. કોંગ્રેસના જબરદસ્ત બખડજંતર ઊભું કરાવી પાર્ટીને વેરવિખેર કરી નાખવા છતાં એ બહુ જ થોડી બેઠકો માટે સત્તાના પગથિયાં લગી પહોંચવામાં રહી ગઈ હતી. હવે જયારે કર્ણાટકની ચૂંટણીમાં ભાજપને એની હેસિયતનો ખ્યાલ આવી ગયો છે અને પેટા ચૂંટણીઓનાં પરિણામો પ્રતિકૂળ રહ્યાં છે ત્યારે કેન્દ્રને એના ગઢ સમાન ગુજરાતમાં નામોશીભરી હારની ભીતિ પેસી જાય તે સ્વાભાવિક છે. આથી કેટલાંક વર્તુળોમાં ગુજરાત ભાજપની નેતાગીરીમાં ચાલતા ગજગ્રાહ મુદ્દે મનઘડંત અફવાઓ ઉડાડવાની સોનેરી તક વટાવાઈ રહી છે. ખાસ તો નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની કહેવાતી ઉપેક્ષા અને એમની નારાજગીનો મુદ્દો વારંવાર ઉછાળવામાં આવી રહ્યો છે. આનંદીબેન મંત્રીમંડળમાં નંબર ટુ રહેલા નીતિન પટેલ મુખ્યમંત્રી પદના સ્વાભાવિક - કુદરતી ઉમેદવાર ગણાતા હતા પરંતુ એમને છેલ્લી ઘડીએ સાઈડલાઈન કરી દઈ નાયબ મુખ્યમંત્રી બનાવાયા ત્યારથી પ્રદેશ ભાજપમાં સામસામાં બે જૂથ સક્રિય હોવાની પ્રતીતિ થઈ રહી છે. આનંદીબેનના કટ્ટર વિરોધી ગણાતા અમિત શાહ રાષ્ટ્રીય કક્ષાએ પાર્ટીના કર્ણધાર હોવાથી ઘણાં બધાં સમીકરણો બદલાઈ જવા પામ્યા છે. નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય અધ્યક્ષને નારાજ કરવા ન જ માગે તે સમજી શકાય એમ છે. આથી અમિત શાહ જૂથના ગણાતા શ્રી વિજય રૂપાણીને - સૌરાષ્ટ્રના જૈન વણિકને મુખ્યમંત્રી પદે આરૂઢ કરવાથી પાટીદાર લોબીમાં પ્રતિકૂળ પડઘા પડશે એવી દહેશત છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના 'વીટો' પાવર વાપર્યો નહોતો. ઊલટાનાં આનંદીબેનને મધ્યપ્રદેશનાં રાજયપાલ બનાવી દેવાની વ્યૂહરચના ઘડીને એમણે ગુજરાતાં શ્રી વિજય રૂપાણી માટે સાનુકૂળ પરિસ્થિતિ સર્જવામાં મદદ કરી હતી. પરંતુ પાટીદાર સમાજમાં સતત રાજકીય અવહેલનાનો અવાજ બુલંદ થતાં કેટલાંક વર્તુળોએ નીતિનભાઈ રાજીનામું આપી દેશે એવી અફવા શરૂ કરી હતી. ખુદ નીતિનભાઈ આ બાબતે સ્પષ્ટતા કરી ચૂક્યા છે. પોતાની ઈમેજ ખરડવાના ભાગરૂપે કેટલાંક ખાટસવાદિયાં તત્વો આવી અફવા ઉડાડતા હોવાનું નિવેદન કરી એમણે પોતે વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળ સંતુષ્ટ છે, એવું પ્રતિપાદિત કરવા પ્રયાસ કર્યો હોવા છતાં સોશયલ મીડિયા પર એમના નામે જાત જાતના ગપગોળા ચગાવાતા રહે છે. કેન્દ્રીય રાજયમંત્રી અને સંઘ સાથે ઘનિષ્ઠ નાતો ધરાવતા મનસુખ માંડવિયા મૂળે સૌરાષ્ટ્રના લેઉઆ પાટીદાર નેતા છે. એમને ગુજરાતનું સુકાન સોંપી સૌરાષ્ટ્રના પાટીદાર સમાજમાં પ્રવર્તતો અસંતોષ દૂર કરી શકાય એવાં કહેવાતા સમીકરણોનું ખુદ માંડવિયાએ જ ખંડન કર્યું છે. આમ છતાં સરકારમાં બધું સમુંસૂતરું ચાલે છે અને આગામી દિવસોમાં વધુ સખળડખળ નહીં થાય તેમ માની લેવું વધારે પડતું છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રાજકારણના ખેલંદા નથી. તેઓ ખૂબ સારા અને સ્વચ્છ નેતા છે પરંતુ જૈન વણિક સમાજનું પ્રતિનિધિત્વ કરે છે, જેના મતદારો બહુ જ ઓછી સંખ્યામાં છે. પાટીદાર આંદોલનને પુનર્જીવિત કરવાના પ્રયાસો ચાલુ થયા છે ત્યારે પાટીદાર નેતાને સુકાન સોંપવાથી ફાયદો થઈ શકે તેવી સીદીસાદી ગણતરીથી રાજકીય વર્તુળોમાં ઘમ્મરવલોણું શરૂ થયું છે. વિજય રૂપાણી રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની પસંદગીના નેતા હોઈ શાહ વિરોધી પાટીદાર જૂથ કોઈને કોઈ ગપગોળા તો ઉડાવતું જ રહેશે. બનવાજોગ કે રૂપાણી મંત્રીમંડળના વિસ્તરણ સાથે એ અફવાઓનું બજાર નરમ પડી જાય.

ગાંધીએ માત્ર ચંપારણનો ગળીનો ડાઘ જ નહીં પણ ભેદભાવોના ડાઘ પર દૂર કર્યા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

બિહારના ચંપારણમાં ગાંધીજીએ સત્યાગ્રહ તો ખેલ્યો ગોરા અંગ્રેજો-નીલવરો સામે. પણ એ લડાઈ સત્ય અને અહિંસાના સહારે સીધેસીધી લડાઈ હતી. કશું પણ સીધું કહ્યા વગર લડતમાં જોડાયેલા ભારતીયો પાસેથી પણ તેમણે ઘણું બધું લગભગ અશક્ય કહી શકાય તેવું કામ કરાવ્યું હતું. વગર વચને સમાજજીવનના આદર્શો તેમણે પ્રસરાવવાનું બહુ મોટું કામ કર્યું હતું. કામની યાદી પણ જોવા જેવી છે.

જેમને બિહારની જનતાના - ખેડૂતોના કેસ લડતા અગ્રી વકીલો એવા રાજેન્દ્ર બાબુ, રામનવમી બાબુ, બ્રજ કિશોર બાબુ વગેરે જે ફી લઈને કેસ લડતા હતા એ બંધ કરાવી દીધી. ગરીબ બિહારી પ્રજાના કેસ વગર પૈસે લડવા માટે આ વકીલોને સંમત કરી લીધા હતા. આ ઉપરાંત જ્ઞાતિ અને ધર્મમાં માનતા ભદ્રવર્ગના આ અગ્રણીઓ પોતાના રસોયા સાથે રાખીને અલગ ચૂલે તૈયાર થયેલી રસોઈ જમતા હતા એ પણ તેમણે બંધ કરાવી દીધી અને બધાને એક જ રસોડે જમતા કરી દીધા હતા એટલું નહીં રસોઈના સામૂહિક કામોમાં પણ જોડાવી દીધા હતા. ગાંધીજી સાથે આ લડતમાં જોડાયેલા અને સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બનેલા ડૉ. રાજેન્દ્ર પ્રસાદ તો કૂવામાંથી પાણી સિંચવાનું કામ કરતા થઈ ગયા હતા. આ વાત આજે આપણને સાવ સામાન્ય ગણાય કારણ કે આપણે સમાનતા અને બંધારણીય અધિકાર સામેનું આઝાદ ભારતનું નાગરિક પદ ભોગવી રહ્યા છીએ પરંતુ આજથી બરાબર ૧૦૧ વર્ષ પહેલાં આવી સમાનતા વિચારવી લગભગ અશક્ય હતી. એ જમાનો તો એવો હતો કે રાજેન્દ્ર બાબુનો ચપરાશી પણ ગાંધીજી કઈ

અનેક ભારતીયોએ 'ધૂણી' ધખાવી ગાંધી કેરા નામની

જ્ઞાતિના છે એ ખબર ન હોવાથી એમને અનેક ભારતીયોએ 'ધૂણી' ધખાવી ગાંધી કેરા નામની ધ્યાન રાખતા હતા. આ તો એક નાનકડો પ્રસંગ છે પણ ઉચ-નીચ, ગરીબ-તવંગર, સ્ત્રી-પુરુષ, ખેડૂત-વકીલ એવા બહુ મોટા સામાજિક ભેદભાવો બિહાર સહિત દેશભરમાં હતા. આઝાદી તો આપણને ચંપારણ સત્યાગ્રહ પછી ત્રીસ વર્ષે પણ આ ગાંધીજીએ સામાજિક ભેદભાવોને મીટાવવાનું કામ તો ભારત આગમન પછીની બીજા વર્ષે જ શરૂ કરી દીધું હતું. જેના ફળ સ્વરુપે આપણે વૈશ્વિક કક્ષાએ શ્રેષ્ઠ બંધારણ માત્ર આપી શક્યા નહીં પરંતુ પ્રજાએ પણ તેને ત્રણ દાયકામાં કેળવણી પામીને સ્વીકાર્યું છે. ચંપારણ સત્યાગ્રહની આ પણ બહુ મોટી સિદ્ધિ છે.

ચંપારણ સત્યાગ્રહની ઓર એક અગત્યની બાબત એ પણ ગણી શકાય કે પ્રજાના મનમાંથી તેમણે સત્તાનો ડર કાઢી નાંખ્યો. જે પ્રજા ગોરો શાસક હોય કે ભદ્રવર્ગનો ભારતીય હોય મૂક બનીને જે ઊભી રહેતી હતી. અત્યાચાર સહન કરવો એ એમના માટે બહુ સહજ હતું. પેઢી દર પેઢીથી અન્યાય સહન કરતી આ પ્રજાને પોતાના હક્ક માટે, પોતાના શોષણ સામે રજૂઆત કરવાની ત્રેવડ આપી. ઢોરની જેમ શોષણ અને ત્રાસ સહન કરનારી પ્રજાને સંગઠીત બનાવવાનું કામ ગાંધી બાપુએ કર્યું.

એવી જ રીતે ગાંધીજીએ બિહારના વકીલોને જ સત્યાગ્રહની લડતમાં સાથે લીધા એવું ન કર્યું. આ વકીલ મહાશયો ઉપરાંત પ્રજા જીવનમાં જુદા જુદા ક્ષેત્રમાં કામ કરતા યુવાનો પણ ચંપારણથી તેમની સાથે જોડાયા હતા. આ યુવાનોમાં પ્રોફેસર કૃપાલાનીજી અને મહાદેવ દેસાઈને આપણે આ લડાઈથી ઓળખતા થયા. પ્રોફેસર કૃપાલાની તો મુઝફ્ફરપુરની તેમની અધ્યાપકની નોકરી છોડીને લડતમાં જોડાઈ ગયા. એટલું જ નહીં ગાંધીજીને મળવા માગતી ભીડને સમજાવવાના કામમાં તેઓ અધ્યાત્મક મટીને દરવાનનું કામ કરવા લાગ્યા હતા. તો મહાદેવભાઈ મુંબઈની મોટા પગારની નોકરી છોડીને ગાંધીજી સાથે દેશસેવામાં જોડાઈ ગયા. ગાંધી સાથેનો તેમનો સદેહ અનુબંધ તેમના મૃત્યુ સુધી રહ્યો હતો.

સાવ ભોળા ગ્રામીણ રાજકુમાર શુક્લાના વારંવાર 'આપ એક બાર આઈયે' ની વિનંતીથી જાત તપાસ માટે ગાંધી ચંપારણ પહોંચ્યા હતા. શુક્લાજીની વાત તદ્દન સાચી હતી તેની પ્રતીતિ બાપુને તો બિહારના આ ગ્રામ વિસ્તારમાં ફરતા ઘણી

અનુસંધાન પાના નં ૭ પર

ગાંધી વિચાર પરંપરાના સૌજન્યશીલ વાહક : દાદા ધર્માધિકારી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

દાદા ધર્માધિકારીનું પાવન સ્મરણ આ બળબળતા ઉનાળામાં પણ શાંતિ તથા શિતળતાનો અનુભવ કરાવી જાય છે. દાદાએ વ્યથિત થઈને પોતાના જીવનકાળમાં જે લખ્યું તે આજે પણ પ્રસ્તુત છે. દાદા કહેતા કે ઠીંગણા માણસો પેદા થતા જાય છે. પોતપોતાના જિલ્લા – ગામ કે થાણાના માપના આ માણસો છે. તેઓ પોતાનો સંકુચિત વિચાર લઈને દેશની રાજધાની કે રાજ્યોની રાજધાનીમાં જઈને બેસે એટલે ફેર શું પડશે ? મંદિરના શિખર પર બેઠેલો કાગડો ગરુડ થઈ જતો નથી. આવા લોકોના રહેવાના બંગલા તો વિશાળ છે પરંતુ દિલ નાના તથા સાંકડા છે. મહેલમાં રહીને મહેલની વિશાળતાને પામવાનું તેમનું ગજુ નથી. મહેલમાં પણ ઉંદર તો દરમાંજ રહે છે. આથી જાતીયતા, સાંપ્રદાયિકતા તેમજ અન્ય સંકીર્ણતાથી પર એવા શુધ્ધ નાગરિકો થકીજ દેશનું નિર્માણ થઈ શકે છે તેવું દાદા કહેતા હતા. લોકજીવનની જાગૃત ભૂમિકામાંથી લોકરાજ્યનું નિર્માણ થઈ શકે તેવા વિનોબાજીના વિચારના દાદા સમર્થ વાહક હતા. આજે જ્યારે લોકશાહીપ્રક્રિયા અંગે જાગૃત નાગરિકોમાં એક ચિંતાનો ભાવ દેખાય છે ત્યારે વિનોબાજી તથા દાદા ધર્માધિકારીના વિચારો તરફ એકવાર ફરી નજર નાખવાની જરૂર છે.

દાદાના વ્યક્તિત્વના ઘડતરમાં એક મજબૂત તથા સંવેદનશીલ કુટુંબ વ્યવસ્થા હતી. તેમના માતા સરસ્વતીબાઈ પાસેથી અભંગો તથા ગીતાપાઠનો પ્રસાદ શૈશવ કાળમાં મળ્યો હતો. બાળપણમાંજ શિષુમાં સંસ્કારબીજ રોપવાની આ મજબૂત, અસરકારક તથા બીન ખર્ચાળ પધ્ધતિ હતી જેનો લાભ વ્યાપક રીતે થયેલો છે. અનેક કારણોસર બાળકો તથા ઘરના વડીલો વચ્ચેના આ સંવાદની પ્રથા ઓછી કે નામશેષ થવા પામી છે. તેમ થવાના અનેક કારણો હશે અને તેમાંના ઘણાં કારણો બદલાતી વ્યવસ્થામાં વાજબી ગણી શકાય તેવા હશે. પરંતુ આ સંવાદના અભાવની ભારે મોટી ખોટ આપણે આજે ભોગવી રહ્યા છીએ. દાદા ધર્માધિકારીની સ્મૃતિ વિસ્મૃત થઈ શકે તેવી નથી.

મહારાષ્ટ્રના સંત તુકડોજી મહારાજ દાદા ધર્માધિકારી વિશે ભારપૂર્વક કહેતા હતા : '' મેં મારા જીવનમાં ઘણાં બધા સંત-મહંતો જોયા છે. પરંતુ અમને સહુને શરમાવે તેવા સહજતાના ધણી તો એક દાદા જ છે. '' તુકડોજી મહારાજનું આ અવલોકન સંતત્વ – સજ્જનતાના બાહ્ય પરિવેશ સાથેના નાના સરખા પણ અનુસંધાનનો મૂળમાંથી વિચ્છેદ કરે છે. આપણાં વિદુષિ વિમલાતાઈ દાદા વિશે વાત કરતા કહે છે કે દાદા એક ગ્રહસ્થ હતા પરંતુ સન્યાસીઓને પણ શરમાવે તેવો તેમનો વૈરાગ્ય હતો. દાદાના સ્વભાવ સાથે લોહીની જેમ વણાયેલી વત્સલતાનો પણ વિમલાતાઈ ઉલ્લેખ કરે છે. માનવજીવનના ઉચ્ચતમ મૂલ્યોનું દર્શન દાદાના જીવન તથા કર્મોમાં થાય છે. અજાતશત્રુ જેવા તેમના વ્યક્તિત્વના મોહે અનેક લોકો દાદા તરફ ખેંચાતા રહ્યા હતા. દાદા આ લોકને છોડીને ૧૯૮૫ માં અંતિમ પ્રયાણ કરી ગયા. દાદાના જવાથી ગાંધી વિચારની એક મહત્વની અને કદાચ અંતિમ કડી ઉખડી ગઈ તેવું તારા ભાગવતનું વિધાન યથાર્થ લાગે છે. દાદાની પાવક સ્નેહગાથા ''ભૂમિપુત્ર'' થકી અનેક લોકોને ભગવત્ પ્રસાદની જેમ પહોંચી શકી. જૂન માસમાં સર્વોદયના અનેક વિચારકો –ભાવકોને દાદાની વિશેષ સ્મૃતિ થાય છે. દાદા ધર્માધિકારીનો જન્મ ૧૮૯૯ના જૂન માસની અઢારમી તારીખે થયો હતો. આથી તેમની આ સમયે વિશેષ સ્મૃતિ થાય છે.

૧૯૫૧ માં આ દેશમાં આઝાદી પછીની એક બીજી મહત્વની અને ઐતિહાસિક ઘટના બની. આ વર્ષમાંજ વિનોબાજીએ ભૂદાનયજ્ઞનો આરંભ કર્યો. છેવાડાના માનવી સુધી સમૃધ્ધિનો એક નાનો એવો અંશ પહોંચાડવાનો આ ભગીરથ પ્રયાસ હતો. ગાંધી વિચારને ભૂમિગત કરવાની આ વિનોબાજીની દુર્લભ દ્રષ્ટિ હતી. દેશ તો આઝાદ થયો પરંતુ તેનાથી વ્યવસ્થા પણ બદલી છે તેવું કોઈ ખાતરીપૂર્વક કહી શકે તેમ ન હતું. આથી જો દેશની સ્વાધિનતા સાથેજ શાસકીય તથા સામાજિક વ્યવસ્થાનો સામાન્ય નાગરિકના હિતમાં બદલાવ ન થાય તો આઝાદ દેશના ફળ સ્વરૂપ લાભ જન જન સુધી પહોંચી શકે નહિ. આવા પરિવર્તન માટે સરકાર સામે જોઈને બેસી રહેવાનું વિનોબાજી જેવા વિચારશીલ કર્મવીરને પાલવે નહિ. આથી વંચિતોના લાભ માટે અને સામાજિક બદલાવને વાસ્તવિકતા આપવા માટે બાબાએ ભૂદાન ચળવળ શરૂ કરી. કવિ કાગે લખ્યું :

અલેકીઓ માંગવા આવ્યો રે
આ તો દેશ દખ્ખણનો બાવો.
દેશ દખ્ખણનો બાવો,
કોઈ
દેખ્યો નથી આવો...

અલેકીઓ...

વિશ્વના સામાજિક રાજકીય ઈતિહાસમાં બાબાનો આ પ્રયાસ અજોડ તથા ઉપકારક નીવડ્યો છે.

ગાંધીજીના સાનિધ્યમાં ઘડાયેલા કેટલાક તેજસ્વી નામો છે તેમાં દાદા ધર્માધિકારીનું નામ અગ્રસ્થાને મૂકી શકાય. આજે જ્યારે સમૃધ્ધિની ઝાકમઝોળની વાત કરવામાં આવે છે ત્યારે તેની સામે સમાજમાં આવકની અસમાનતાને ઓળંગી ન શકાય તેવી ખાઈ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સર્વોદયના વિચારોમાં તેનો સચોટ ઉકેલ છે. એ દિશા તરફ અસકારકતાથી નજર નાખવાની જવાબદારી સરકારની સાથે સીવીલ સોસાયટીની રહે છે.

'સૃજન ગાથા' દ્વારા મોસ્કોમાં આંતરરાષ્ટ્રીય હિન્દી સંમેલન

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચિંતનપ્રવાહમાંથી ગુજરાતના ખ્યાતનામ લેખક અને 'સંવેદના સમાજ' સામયિકના પ્રકાશક કિશોર મકવાણા દ્વારા સંપાદિત પુસ્તક 'ડૉ. બાબાસાહેબ આંબેડકર : વ્યક્તિ નહીં, સંકલ્પ' નું ભવ્ય વિમોચન અને લોકાર્પણ તા. ૪થી એપ્રિલ - ૨૦૧૮ના રોજ, રાષ્ટ્રપતિ ભવન, દરબાર હોલ, નવી દિલ્હી ખાતે, પ્રમુખ રીતે ઉપસ્થિત માન. ઉપરાષ્ટ્રપતિ વૈંકેયાજી નાયડુ દ્વારા લોકસભા અધ્યક્ષ શ્રીમતી સુમિક્ષા મહાજન, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી થાવરચંદ ગેહલોત, ભારત સરકારના મંત્રીગણ, સાંસદગણની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. રાષ્ટ્રપતિના આગમન સાથે રાષ્ટ્રગીતની ધૂન બાદ, સૌ પ્રથમ પુસ્તકના સંપાદક કિશોર મકવાણાએ પુસ્તકની ભૂમિકા બાંધી. ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના કેન્દ્રીય મંત્રી થાવરચંદે પોતાની વાત મૂકી. ત્યારબાદ ઉપરાષ્ટ્રપતિ વૈંકેયાજી નાયડુએ પોતાના મનની વાત કરી. ત્યારબાદ તેઓએ પુસ્તકનું વિમોચન કરી, પુસ્તકની નકલ માન. રાષ્ટ્રપતિને અર્પણ કરી, જે સમયે લોકસભાના અધ્યક્ષ સુમિત્રાજી, કેન્દ્રીય મંત્રી થાવરચંદ ગેહલોત, સંપાદક કિશોર મકવાણા તથા 'સંવેદના સમાજ' સામયિકનાં તંત્રી અનીતા પરમાર પણ સાથે ઉપસ્થિત હતા. ત્યારબાદ રાષ્ટ્રપતિજીએ ભાવવાહી, સહજરીતે, સરળ વ્યકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ શ્રીમતી અનીતા પરમારે આભારદર્શન કર્યું હતું.

● પ્રખર રેશનાલીસ્ટ રમણ પાઠકની યાદમાં શરૂ કરાયેલ 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' તા. ૮મી એપ્રિલ, ૨૦૧૮ના રોજ યુવા રેશનાલીસ્ટ, વિજય ભગતને એનાયત કરવામાં આવ્યો હતો. આ સમારંભમાં સત્યસોધક સભાના મંત્રી સિદ્ધાર્થ દેગામીએ સર્વેને આવકાર્યા અને આ સુવર્ણચંદ્રક અંગેની માહિતી આપી. પ્રાસંગિક પ્રવચન ડૉ. બી.એ. પરીખે કર્યું, જયારે અતિથિ વિશેષ કાનજીભાઈનો પરિચય વલ્લભ ઈટાલિયાએ આપ્યો હતો, જયારે વિજયભાઈને અપાયેલ સન્માનપત્રનું વાંચન ગુણવંત ચૌધરીએ કર્યું હતું, જે કાનજીભાઈએ વિજય ભગતને સુપ્રત કર્યું હતું. ડૉ. પરીખે વિજયભાઈને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અંતમાં સત્યશોધક સભાના પ્રમુખ દિલીપ નેમલાવાલાએ આભાર દર્શન કર્યું હતું. ઉદ્ઘોષકો તરીકે પ્રેમ સુમેસરા અને સનીલ શાહે સભાનું સંચાલન કર્યું હતું.

● ગાંધીનગર ખાતે દર ત્રણ માસે યોજાતી પ્રા. શ્રી તખ્તસિંહજી પરમાર (ગુરુજી ભાવનગર) વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત તા. ૨૭મી મે ૨૦૧૮ના રોજ કચ્છ - કાઢિયાવાડ રાજપૂત સેવા સમાજ, સે.૧૭ના પટાંગણમાં, પાંચમાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રખર લેખક અને વક્તા અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાએ 'ગુજરાત મોરી મોરી રે - ગુજરાતની અસ્મિતા - ગઈ કાલ, આજ અને આવતીકાલ' વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. મહેન્દ્ર ત્રિવેદી, વસંત ગઢવી અને અશોકસિંહ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ગૌતમ રાઠોડના કાવ્યસંગ્રહ 'જીવતરની પીડ' વિશે કવિ, વિવેચક, અને વાર્તાકાર ભ.ન. વણકરનું વ્યાખ્યાન તા. ૨૭મી મે, ૨૦૧૮ના રોજ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં યોજાઈ ગયું. ભી.ન. વણકરે કાવ્યસંગ્રહ 'જીવતરના પીડ' અંગે સર્વાંગી રસદર્શન કરાવી, સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં કવિ પ્રવિણ ગઢવી, વાર્તાકાર, દલપત ચૌહાણ, કવિ સાહિલ પરમાર, પૂનમચંદ મકવાણા, મૂળજીભાઈ પરમાર, અશ્વિન રાઠોડ, કે. એસ. પરમાર અને કનુભાઈ મહેરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે હિન્દીને પ્રતિષ્ઠિત કરવા માટે બહુ આયામી સાહિત્યિક - સાંસ્કૃતિક સંસ્થા 'સૃજન ગાથા' દ્વારા રશિયાની સહયોગી સંસ્થાઓની સાથે તા. ૧/૬ થી ૮/૬/૨૦૧૮ ની વચ્ચે મોસ્કોમાં એક આંતરરાષ્ટ્રીય હિન્દી સંમેલન ભરવામાં આવી રહેલ છે. જેમાં પ્રતિષ્ઠિત રચનાકારો, શિક્ષકો, ભાષા વિજ્ઞાનીઓ તથા સંસ્કૃતિકર્મીઓ સામેલ થશે. આ સંમેલનમાં ઝાલોર (રાજસ્થાન)ના જાણીતા નવલકથાકાર પુરુષોત્તમ પોમલમને તેમની ઉત્કષ્ટ કૃતિઓના કારણે ભારતના પ્રતિનિધિ તરીકે આમંત્રણ મળેલ છે. તેઓને તા. ૨-૬-૨૦૧૮ના રોજ મોસ્કોમાં 'ઈવાન તુર્ગેન્ટોવ સન્માન' થી નવાજવામાં આવશે. આ સમારંભમાં પોમલની નવલકથા 'યાત્રા કે ઈશ્વર'નું લોકાર્પણ થશે. તેમની નવલકથા 'શાહજાદી ફિરોજા'ની ચાર આવૃત્તિ થયેલ છે, તેનો ગુજરાતીમાં અનુવાદ કે.જે બારોટે કરેલ જેનું વિમોચન ગાંધીનગર ખઆતો તા. ૧૭-૦૨-૨૦૧૮ ના રોજ થયું હતું. એક ભારતીય તરીકે મોસ્કો ખાતે પોમલને મળેલા આ ગૌરવવંતુ સન્માન એ દેશ માટે એક ખૂબજ ગૌરવપૂર્ણ બાબત લેખાય. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

muljibhaidadhi@gmail.com